પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૫૭ | ૨૯ નવેમ્બર, ૨૦૨૨, મંગળવાર; માગશર સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભારતીય શેરબજારમાં સતત તેજી

**સેન્સેક્સમાં ૨૧૧ અને નિફ્ટીમાં ૫૦ પોઈન્ટનો ઊછાળો : વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ભારતીય ઈક્વિટી માર્કેટમાં ભારે ખરીદી કરી : નવેમ્બરમાં તેણે ૩૧૬૩૦ કરોડ રૂપિયાનું ચોખ્ખું રોકાણ કર્યું**

મુંબઈ, તા.૨૮

વિદેશી ભંડોળના પ્રવાહ, ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ખરીદી વચ્ચે સોમવારે બેન્ચમાર્ક સૂચકાંકો નવા ઉચ્ચતમ સ્તરે બંધ થયા હતા. સળંગ પાંચમા દિવસે ૩૦ શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ ૨૧૧.૧૬ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા વધીને ૬૨,૫૦૪.૮૦ પર બંધ થયો હતો, જે તેની વિક્રમી ઊંચી સપાટી છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ભારતીય ઈક્વિટી માર્કેટમાં ભારે ખરીદી કરી છે. નવેમ્બરમાં તેણે ૩૧૬૩૦ કરોડ રૂપિયાનું ચોખ્ખું રોકાણ કર્યું છે. આ જોતાં આર્થિક પ્રવાહોને લઈને સકારાત્મકતાની આશા છે.

દિવસ દરમિયાન એક તબક્કે સેન્સેક્સ ૪૦૭.૭૬ પોઈન્ટ અથવા ૦.૬૫ ટકા વધીને ૬૨,૭૦૧.૪૦ની ટોચે પહોંચ્યો હતો. એનએસઈ નિફ્ટી ૫૦ પોઈન્ટ અથવા ૦.૨૭ ટકા વધીને ૧૮,૫૬૨.૭૫ પર બંધ થયો હતો, જે તેની રેકોર્ડ ઊંચાઈ હતી.

સેન્સેક્સ પેકમાં, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૩.૪૮ ટકા ઉછળીને ટોપ ગેનર હતી, ત્યારબાદ નેસ્લે, એશિયન પેઈન્ટ્સ, બજાજ ફિનસર્વ, વિપ્રો, આઈસીઆસીઆઈ બેંક અને



ઈન્ડસઈન્ડ બેંકનો સમાવેશ થાય છે. ટાટા સ્ટીલ, એચડીએફસી બેંક, ભારતી એરટેલ, એચડીએફસી અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા પાછળ રહ્યા હતા. એશિયામાં સિઓલ, ટોક્યો, શાંઘાઈ અને હોંગકોંગના બજારો નીચા સ્તરે બંધ થયા છે. યુરોપમાં ઈક્વિટી એક્સચેન્જો બપોરના વેપારમાં નેગેટિવ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. વોલ સ્ટ્રીટ શુક્રવારે નીચું સમાપ્ત થયું.

આંતરરાષ્ટ્રીય ઓઈલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૩.૧૧ ટકાના ઘટાડા સાથે બેરલ દીઠ ૮૧.૦૩ ડોલર પર ટ્રેડ કરી રહ્યું હતું. એક્સચેન્જ ડેટા અનુસાર શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ)એ રૂ. ૩૬૯.૦૮ કરોડના શેર ખરીદ્યા હતા.

અમેરિકી ડોલર સામે રૂપિયો ૫ પૈસા વધીને ૮૧.૬૬ ના સ્તર પર બંધ થયો. ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડા અને સ્થાનિક ઈક્વિટી બજારોમાં મજબૂત વલણને કારણે રોકાણકારોનું સેન્ટિમેન્ટ મજબૂત થતાં સોમવારે રૂપિયો યુએસ ડોલર સામે ૫ પૈસા સુધરીને ૮૧.૬૬ (કામચલાઉ) પર બંધ થયો હતો. નબળા યુએસ ચલણ અને વિદેશી

● અનુસંધાન પાન-૭ પર

# રેલવે ટ્રેક નજીક રમી રહેલા બાળકો કચડાયા

**પોલીસ અધિકારી જગજીત સિંહે જણાવ્યું કે, ટ્રેનની ચપેટમાં આવવાથી ત્રણ બાળકોના મોત થઈ ગયા છે**

રુપનગર, તા.૨૮

પંજાબના રૂપનગર જિલ્લામાં શ્રી કીરતપુર સાહિબ નજીક રવિવાર એક પેસેન્જર ટ્રેનની ચપેટમાં આવવાથી ત્રણ બાળકોના મોત થઈ ગયા છે. પોલીસે આ જાણકારી આપી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના ત્યારે થઈ જ્યારે પ્રવાસી મજૂરના ચાર સંતાનો સતલુજ નદી પર બનેલા પુલ પાસે રેલ્વે ટ્રેક નજીક રમી રહ્યા હતા. પોલીસે કહ્યું કે, આ ઘટનામાં ચોથું બાળક ઘાયલ થઈ ગયું છે અને તેને હોસ્પિટલમાં ભરતી કરાવ્યું છે. પોલીસે કહ્યું કે, બાળકોની ઉંમર સાતથી ૧૧ વર્ષની વચ્ચે છે. એક પોલીસ અધિકારી જગજીત સિંહે જણાવ્યું કે, ટ્રેનની ચપેટમાં આવવાથી ત્રણ બાળકોના મોત થઈ ગયા છે. અધિકારીએ જણાવ્યું છે કે, આ દુર્ઘટનામાં ઘટનાસ્થળે જ બે બાળકોના માત થઈ ગયા હતા, જ્યારે એકને હોસ્પિટલ લઈ જતાં રસ્તામાં દમ તોડી દીધો હતો. તો વળી ચોથા બાળકની સારવાર ચાલી રહી છે. તેમણે જણાવ્યું છે કે, બાળક અહીં ઝાડ પરથી જાંબુડા ખાવા આવ્યા હતા અને તેમને ખબર ન રહી કે ટ્રેન અહીંથી પસાર થવાની છે. આ ઘટના બાદ પંજાબના પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે ટ્વિટર પર પોતાની સંવેદના વ્યક્ત કરી અને રાજ્ય સરકાર પાસેથી મૃતક પરિવારોને યોગ્ય વળતર આપવાની ભલામણ કરી છે.

**કોલેજિયનની ભલામણ છતાં ન્યાયાધીશોની નિમણૂક ન કરાતા સુપ્રીમ નારાજ**

# ન્યાયિક પક્ષ પર નિર્ણય લેવા માટે અમને દબાણ ન કરશો: સુપ્રીમ

**કેન્દ્રને સુપ્રીમનો સવાલ, કેન્દ્ર સરકાર ન્યાયાધીશોની નિમણૂક પર બેઠી રહેશે તો સિસ્ટમ કેવી રીતે કામ કરશે**

નવી દિલ્હી, તા.૨૮

કોલેજિયમની ભલામણ છતાં હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂક ન કરવા બદલ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ફટકાર લગાવી છે.

સોમવારે આ મુદ્દે સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે, એવું લાગે છે કે, સરકાર નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ કમિશન (એનજેએસી)ને રદ કરવાથી નાખુશ છે. જો કેન્દ્ર સરકાર ન્યાયાધીશોની નિમણૂક પર બેઠી રહેશે તો સિસ્ટમ કેવી રીતે કામ કરશે. અમને ન્યાયિક પક્ષ પર નિર્ણય લેવા માટે અમને દબાણ કરશો નહીં.’


● અનુસંધાન પાન-૭ પર

# વિજળીના તારમાં વિમાન ફસાતા ૮૫,૦૦૦ ઘરોમાં અંધારપટ્ટ

**અમેરિકી રાજ્ય મેરીલેન્ડમાં મોન્ટગોમરી કાઉંટીના વિજળી તારમાં એક નાનુ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું**

નવી દિલ્હી, તા.૨૮

અમેરિકાના મોન્ટગોમરી કાઉંટ, મેરીલેન્ડમાંથી એક ભયંકર તસ્વીર સામે આવી છે. સ્થાનિક સમય અનુસાર રવિવારે સાંજે મોન્ટગોમરી વિલેજમાં એક નાનું વિમાન વિજળીના તાર સાથે ટકરાઈ ગયા બાદા મોન્ટગોમરી કાઉંટી, મેરીલેન્ડમાં હજારો ઘરોની બત્તી ગુલ થઈ ગઈ હતી. લગભગ ૮૫૦૦૦ ઘરની લાઈટ ગાયબ થઈ ગઈ હતી. લોકલ મીડિયા અનુસાર, અધિકારીઓના હવાલેથી રવિવાર રાતે અમેરિકી રાજ્ય મેરીલેન્ડમાં મોન્ટગોમરી કાઉંટીના વિજળી તારમાં એક નાનુ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જો કે, દુર્ઘટનામં કોઈનો જીવ ગયો હોવાની સૂચના હજૂ સુધી મળી નથી. વિમાન રોથબરી ડો એન્ડ ગોશેન રોડના એરિયામાં વિજળીના તારમાં જઈને ફસાઈ ગયું હતું. તેનાથી કાઉંટીના એક મોટા ભાગની વિજળી ગાયબ થઈ ગઈ હતી. તેની અસર ઓદ્યૌગિક



એકમો પર પણ પડી હતી. કહેવાય છે કે, આ વિસ્તારમાં વરસાદ થઈ રહ્યો હતો. હવામાન ખરાબ

● અનુસંધાન પાન-૭ પર

## હરિયાણામાં ત્રિસ્તરીય પંચાયત ચૂંટણીના પરિણામ જાહેર

ચંદીગઢ, તા.૨૮

હરિયાણામાં થયેલી ત્રિસ્તરીય પંચાયત ચૂંટણીના પરિણામ આવી ચૂક્યા છે. આ સાથે જ રાજ્યમાં જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિઓની રચનાની તૈયારી શરૂ થઈ ગઈ છે. આ પરિણામોએ આગામી વિધાનસભા ચૂંટણી માટે સ્પષ્ટ કરી દીધુ છે કે હવે તો જે કામ કરશે, તેની જ વાપસી થશે. ૨૧ મહિનાની મોડાઈથી હરિયાણામાં થયેલી પંચાયત ચૂંટણી હેઠળ જિલ્લા પરિષદના ૪૧૧ અને પંચાયત સમિતિઓના ૩૦૮૧ સભ્યો માટે ત્રણ તબક્કામાં ચૂંટણી કરાવાઈ હતી. રવિવારે આની મતગણતરી થઈ અને બંને સંસ્થાઓ માટે સભ્યોની જાહેરાત થઈ ગઈ છે. પરંતુ આ ચૂંટણીમાં રાજ્યના મતદાતાઓએ સ્પષ્ટ કરી દીધુ છે કે ભલે ભાજપ હોય કે કોંગ્રેસ, કોઈને પણ માત્ર શોબાજી પર વોટ મળશે નહીં. વોટ માટે જમીની સ્તરે કામ કરવુ પડશે. આ જ કારણ છે કે આ ચૂંટણીમાં મતદાતાઓએ લગભગ તમામ પાર્ટીઓને નકારી દીધી છે. તેમની જગ્યાએ મતદાતાઓએ અપક્ષ ઉમેદવારોને મહત્વ આપ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર









# ચેનલોએ દેશહિતને લગતી સામગ્રી અડધો કલાક પ્રસારિત કરવી પડશે

**સરકારે તમામ ચેનલો માટે નવી ગાઈડલાઈન જાહેર : પહેલી જાન્યુઆરી ૨૦૨૩થી નિયમ જરૂરી બનવાની શક્યતા**

નવી દિલ્હી, તા.૨૮

હાલ દેશભક્તો માટે એક સારા સમાચાર આવ્યા છે. આગામી સમયમાં તમામ ટીવી ચેનલોએ દેશહિતને લગતી સામગ્રી ફરજીયાત પ્રસારિત કરવાની રહેશે. તમામ ચેનલોએ દેશહિતને લગતો પ્રોગ્રામ અડધો કલાક પ્રસારીત કરવાનો રહેશે. આ માટે મોદી સરકારે તમામ ચેનલો માટે નવી ગાઈડલાઈન જાહેર કરી છે.ભારતીય ટેલિવિઝન ચેનલો માટે દરરોજ ૩૦ મિનિટ માટે ’દેશહિત’ની સામગ્રી પ્રસારિત કરવી જરૂરી રહેશે. ૧ જાન્યુઆરી ૨૦૨૩થી સેટેલાઈટ ટીવી ચેનલો માટે આ નિયમ જરૂરી બની જાય તેવી સંભાવનાઓ છે. નવી ગાઈડલાઈન મુજબ હવે ટીવી ચેનલોએ દરરોજ ૩૦ મિનિટ માટે દેશહિત સાથે સંબંધિત સામગ્રીનું પ્રસારણ ફરજીયાત કરવુ પડશે.આ મહિનાની શરૂઆતમાં કેન્દ્રીય કેબિનેટે ભારતમાં સેટેલાઈટ ટેલિવિઝન ચેનલોના અપલિંકિંગ અને ડાઉનલિંકિંગ માટેની માર્ગદર્શિકા-૨૦૨૨ને મંજૂરી આપી હતી. આ નવી ગાઈડલાઈન મુજબ ચેનલોને દેશહિતની સામગ્રીને દરરોજ અડધો કલાક પ્રસારિત કરવાની ફરજીયાત રહેશે.